દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫


# એપ બેઝ્ડ સેવાઓના કર્મચારીઓ દ્વારા આચરાતા ગુનાઓ: ચિંતાનો એક નવો વિષય

છેલ્લા કેટલાક સમયમાં ઓનલાઇન ડિલીવરી, એપ આધારિત ટેક્સી વગેરે સેવાઓનો ખૂબ વિકાસ થયો છે. આ સેવાઓને કારણે આજના ઝડપી યુગમાં ઘણી રાહત અને સગવડ પણ થઈ છે. વધુ નાણાં ખર્ચવાની તૈયારી હોય તો ઘરબેઠા ભોજન ઉપરાંત કરિયાણા સહિતની અનેક વસ્તુઓ મંગાવી શકાય છે. એપ બેઝ્ડ કેબ સર્વિસથી મોટા શહેરોમાં તમારા ઇચ્છિત સ્થાને ટેક્સી બોલાવી શકાય છે. પરંતુ આ સેવાઓનો વ્યાપ વધવાની સાથે તેની સાથે સંકળાયેલા કર્મચારીઓ દ્વારા આચરવામાં આવતા ગુનાઓનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધ્યું છે.

મોટા શહેરોમાં આ સેવાઓ વધુ ધમધમે છે અને બેંગલુરુ મહાનગર આ બાબતે મોડેલ સિટી જેવું છે. હાલમાં બેંગલુરુમાં એપ-આધારિત ડિલિવરી, કેબ અને ઓટો ડ્રાઇવરોને લગતા ગુનાઓનો ચિંતાજનક દાખલો જોવા મળ્યો છે, જેના કારણે શહેરમાં સવાર અને ગ્રાહકની સલામતી પર પ્રશ્નો ઉભા થયા છે. 2016 થી શ્રેણીબદ્ધ ઘટનાઓમાં, ફૂડપાંડા, ઝોમેટો, સ્વિગી, ઝેપ્ટો અને બ્લિંકિટ જેવા પ્લેટફોર્મ પર ડિલિવરી એજન્ટો પર જાતીય સતામણી, હુમલો અને મૌખિક દુર્વ્યવહારનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઓક્ટોબર 2025 માં સૌથી તાજેતરનો કેસ આરટી નગરમાં બ્રાઝિલિયન મોડેલની છેડતી કરવા બદલ ધરપકડ કરાયેલ બ્લિંકિટ ડ્રાઇવરનો હતો, જેમાં સીસીટીવી ફૂટેજ પોલીસ તપાસમાં મદદ કરે છે. આ વર્ષની શરૂઆતમાં, એક ઝેપ્ટો ડ્રાઇવરે સરનામાના વિવાદમાં ગ્રાહક પર હુમલો કર્યો હોવાનો આરોપ છે, જેના કારણે પીડિતાની ખોપરીમાં ફ્રેક્ચર થયું હતું. ડિલિવરી એક્ઝિક્યુટિવે ગ્રાહકની ભાભી પર ખોટો સરનામું આપવા બદલ બૂમ પાડી હોવાનો આરોપ છે. જ્યારે ગ્રાહકે દરમિયાનગીરી કરી અને આક્રમક વર્તન પર સવાલ ઉઠાવ્યા, ત્યારે ડિલિવરી બોયએ તેની સાથે દુર્વ્યવહાર કર્યો અને શારીરિક હુમલો કર્યો. ફેબ્રુઆરીમાં, સ્વિગી જીનીના એક ડ્રાઇવરને એક પુરુષ ગ્રાહક સાથે અશ્લીલ ટિપ્પણી કરવા બદલ બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે માર્ચમાં, બેંગલુરુમાં એક મહિલાએ ફરિયાદ નોંધાવી હતી કે સ્વિગી ડિલિવરી એક્ઝિક્યુટિવ તેની સાથે ખરાબ વર્તન કરે છે અને ઓર્ડર પહોંચાડવા માટે તેના ઘરે પહોંચે ત્યારે તેને અયોગ્ય રીતે સ્પર્શ કરે છે, જેના કારણે તેની ધરપકડ કરવામાં આવી હતી. જૂન 2023 ના બીજા એક કિસ્સામાં, રહેવાસીઓએ એક ડિલિવરી એજન્ટને એપાર્ટમેન્ટ લિફ્ટમાં એક સગીર છોકરીને હેરાન કરતા પકડ્યો હતો. ભૂતકાળના કેસોમાં 2016માં ફૂડપાંડા ડિલિવરી બોયની મહિલાને અશ્લીલ સંદેશા મોકલવા અને તેનો નંબર ઓનલાઈન શેર કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી, અને 2021માં ઝોમેટોની ઘટનાનો સમાવેશ થાય છે જ્યાં ડિલિવરી એજન્ટ અને પ્રભાવક હિતેષા ચંદ્રાની બંને પર કથિત હુમલા બાદ પોલીસ કેસનો સામનો કરવો પડ્યો હતો.

ખાસ કરીને 2025માં કેબ અને ઓટો સંબંધિત ગુનાઓમાં પણ વધારો થયો છે. ફક્ત ઓક્ટોબરમાં જ બેંગલુરુ પોલીસે અનેક ડ્રાઇવરોની ધરપકડ કરી હતી, જેમાં એક 19 વર્ષીય મહિલા પર એરપોર્ટ રૂટના વિવાદમાં હુમલો કરવા બદલ અને બીજો એક મહિલાએ રાઈડ કેન્સલ કર્યા પછી હુમલો કરવા બદલ. , એક રેપિડો ઓટો ડ્રાઈવર પર છેડતીનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જ્યારે એક બાઇક-ટેક્સી સવારની મહિલા પીજીમાં ઘૂસીને ભાડૂઆતને લૂંટવા બદલ ધરપકડ કરવામાં આવી હતી, ત્યારબાદ તેની છેડતી કરવામાં આવી હતી. આ વર્ષે અગાઉના કેસોમાં જાન્યુઆરીની ઘટનાનો સમાવેશ થાય છે જ્યાં કેબ ડ્રાઈવરના પરિચિત સહિત બે પુરુષોએ એક મહિલા મુસાફર પર જાતીય હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. 2024 અને 2023માં, સમાન ફરિયાદો સામે આવી હતી, જેમાં રાઈડ કેન્સલ કર્યા પછી ઉત્પીડનથી લઈને જાતીય હુમલો કરવાના કેસનો સમાવેશ થાય છે, ૨૦૧૯માં એક વકીલે ફરિયાદ કરી હતી કે એક કેબ ડ્રાઇવરે તેના પર હુમલો કર્યો હતો, અને ૨૦૨૧માં એક ટેક્સી ડ્રાઇવર સાથે જોડાયેલા બળાત્કારના કેસ સુધીની આ પેટર્ન ચિંતાજનક છે. બેંગલુરુ તો માત્ર એક ઉદાહરણ છે. અનેક શહેરોમાં વધતે ઓછે અંશે આવી પરિસ્થિતિ છે. આવી સેવાઓ માટે ભરતી કરાતા લોકોનું બેકગ્રાઉન્ડ તેમની કંપનીઓ બરાબર ચકાસે, યોગ્ય લોકોની જ ભરતી કરે, વાણી વર્તનની યોગ્ય તાલીમ આપે, જરૂરી કડક નિયમો ઘડે તે જરૂરી છે. સરકાર પણ જરૂરી કાયદા બનાવે તે જરૂરી છે.

## સ્વર્ગની અનુભૂતિ



ભગવાનના પરમ ભક્ત વૃદ્ધ બા. જીવન આખું હરિસેવા કરી અને સતત પ્રભુનું નામસ્મરણ. તેમનો અંતિમ સમય આવ્યો ત્યારે સ્વયં યમરાજ પોતે તેમના જીવને લેવા આવ્યા.

બાએ યમરાજને પૂછ્યું, ‘તમે મને લેવા આવ્યા છો અને હું તમારી સાથે આવવા એકદમ તૈયાર છું પણ તમે મને એ તો કહો, હું ક્યાં જઈશ સ્વર્ગમાં કે નરકમાં?’

યમરાજ હસ્યા અને બોલ્યા, ‘માતા,તમે જીવનભર સાચા મનથી ઈશ્વરની ભક્તિ કરી છે એટલે ભગવાન તમારાથી પ્રસન્ન છે અને એટલે હું પોતે તમને તેમના ધામમાં લઇ જવા આવ્યો છું.’

બા એ કહ્યું, ‘તમે મને સ્વર્ગ અને નરક દેખાડશો? બંનેમાં શું ફરક છે તે મારે જાણવું છે.’ યમરાજ બોલ્યા, ‘તમારી આ ઈચ્છા પણ પૂરી થશે.’આટલું કહી યમરાજ તેમને પહેલાં નરકમાં લઇ ગયા. ત્યાં સ્વાદિષ્ટ ખીર ભરેલું મોટું પાત્ર અને લાંબી લાંબી ચમચીઓ હતી પણ કોઈ લાંબી ચમચીમાં ખીર ભરીને પોતાના મોઢા સુધી લાવી શકતું ન હતું અને એકમેકને ધક્કા મારી ખીર ખાવાની કોશિશ બધાં કરતાં હતાં પણ કોઈ ખીર ખાઈ શકતું ન હતું.બધાં જ ભૂખ્યાં હતાં.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

બા દુ:ખી થયાં, યમરાજ તેમને સ્વર્ગમાં લઇ ગયા ત્યાં પણ  સ્વાદિષ્ટ ખીર ભરેલું મોટું પાત્ર અને લાંબી લાંબી ચમચીઓ હતી પણ કોઈ લાંબી ચમચીમાં ખીર ભરીને પોતાના મોઢા સુધી લાવી શકતું ન હતું પણ બધા એકમેકને ચમચીથી ખીર ખવડાવતાં હતાં એટલે કોઈ ભૂખ્યું ન હતું,બધા ખુશ હતાં.

આ વાર્તા કોઈ ને કોઈ રીતે સાંભળી અને વાંચી હશે.

આ માત્ર વાર્તા નથી. અહીં મહત્ત્વનો સંદેશ છે કે સ્વર્ગ અને નરક જેવું ખાસ કંઈ હોતું નથી. ભગવાને બધાને સમાન પરિસ્થિતિ આપી છે.ફરક છે માત્ર દૃષ્ટિકોણ, સમજ અને સહયોગનો. સ્વર્ગ અને નરક આપના વિચારો, વર્તન અને કર્મને આધારે સર્જાય છે. જીવનમાં બધાની પરિસ્થિતિ લગભગ સમાન હોય છે. કોઈને કોઈ સુખ અને કોઈને કોઈ દુ:ખ બધાના જીવનમાં આવન જાવન કરતાં રહે છે. જે પ્રેમ અને એકમેક સાથે સહયોગથી જીવે છે તે હંમેશા સ્વર્ગમાં રહે છે. જે માત્ર સ્વાર્થને વશ થઈ પોતાનું વિચારે છે અને અન્યની મદદ કરતો નથી તે હંમેશા નરકમાં જ રહે છે.

સાથ, સહકાર, સ્નેહ અને સહયોગ સ્વર્ગનાં દ્વાર છે. હંમેશા બીજાની મદદ કરતાં રહેવું.આ વિચાર અને સમજ તમને સ્વર્ગની અનુભૂતિ કરાવે છે.

# અતિશય ગરીબીને નાબૂદ કરનારું પ્રથમ રાજ્ય કેરાલા

## કહેવાની વાત

**નેહા શાહ**

> **પરિણામે માનવવિકાસના સૂચકાંકમાં કેરાલાની પ્રગતિ હંમેશાથી સૌથી સારી રહી છે. શિક્ષણ, આરોગ્ય અને આયુષ્ય જેવા સૂચકાંકમાં વર્ષોથી એ મોખરે જ રહ્યું છે અને  આજે અતિશય ગરીબીને નાબૂદ કરનાર પ્રથમ રાજ્ય બનવા જઈ રહ્યું છે**

સંસાધનો મર્યાદિત હોવાને કારણે એને ક્યાં અને કેવી રીતે વાપરવાં એ આર્થિક નીતિ ઘડતી વખતે હંમેશા એક પેચીદો પ્રશ્ન બની રહે છે. એ સંજોગોમાં નાણાંની ફાળવણી નિર્ણયકર્તાની સમજ અને હેતુ અગ્રતા પર રહે છે. આઝાદી પછી દેશનાં મોટા ભાગનાં રાજ્યોએ જ્યારે ઔદ્યોગિક વિકાસને પ્રાધાન્ય આપી એમાં રોકાણ કર્યું ત્યારે કેરાલા માનવ સંસાધાનમાં રોકાણ કરવાની નીતિને વળગી રહ્યું. પરિણામે માનવવિકાસના સૂચકાંકમાં કેરાલાની પ્રગતિ હંમેશાથી સૌથી સારી રહી છે. શિક્ષણ, આરોગ્ય અને આયુષ્ય જેવા સૂચકાંકમાં વર્ષોથી એ મોખરે જ રહ્યું છે અને  આજે અતિશય ગરીબીને નાબૂદ કરનાર પ્રથમ રાજ્ય બનવા જઈ રહ્યું છે. પહેલી નવેમ્બરે - કેરાલા દિનના દિવસે એની સત્તાવાર જાહેરાત સાથે ઉજવણી થશે. આ સિદ્ધિ હાંસલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય અને ચીન પછી વિશ્વનું બીજું ક્ષેત્ર બનશે.

અતિશય ગરીબી એટલે શું? ગરીબીની વ્યાખ્યા માત્ર આવક સાથે જ સંકળાયેલી નથી. સંયુક્ત રાષ્ટ્રે કરેલી પરિભાષા પ્રમાણે ખોરાક, પીવાલાયક પાણી, આરોગ્યની સુવિધા, સ્વચ્છતાની સુવિધા, ઘર, શિક્ષણ અને માહિતી જેવી મૂળભૂત માનવ જરૂરિયાતોનો ગંભીર અભાવની પરિસ્થિતિ એટલે અતિશય ગરીબી. વૈશ્વિક માપદંડ પ્રમાણે માથાદીઠ ૧૮૦ રૂપિયાથી ઓછી દૈનિક આવક સાથે જીવતી વ્યક્તિ અતિશય ગરીબ ગણી શકાય. ભારતમાં એનું પ્રમાણ સરેરાશ ૧૧.૨ ટકા છે. કેરાલામાં ગરીબીનું પ્રમાણ આમ પણ નીચું જ છે - કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા અને ડાબેરી વિચારસરણીના પ્રભુત્વની અસરનું પરિણામ છે. નીતિ આયોગના આંકડા પ્રમાણે ૨૦૨૩માં કેરાલામાં માત્ર ૦.૫૫ ટકા લોકો અતિશય ગરીબ હતાં, જે દેશનાં બધાં રાજ્યો કરતાં સૌથી ઓછાં છે. આ પ્રમાણને શૂન્ય સુધી લઈ આવવા માટે કેરલા સરકારે ૨૦૨૧માં અત્યંત ગરીબી નાબૂદી પ્રોજેક્ટ શરૂ કર્યો. ચાર વર્ષના અંતે લક્ષ્યાંક હાંસલ થયાનો દાવો કેરાલા સરકાર કરી રહી છે.

ચાર વર્ષની પ્રક્રિયા ખૂબ રસપ્રદ છે - જે સરકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને જમીન પર કામ કરતાં કાર્યકરો વચ્ચેના સંકલિત પ્રયાસ બતાવે છે. અતિશય ગરીબ લોકો સુધી પહોંચવા માટે સૌથી પહેલાં તો એમને ઓળખવાં જરૂરી છે. તેઓ દેખીતી રીતે સરકારી કલ્યાણકારી યોજનાઓની સુરક્ષા જાળની બહાર રહી ગયાં હતાં એટલે સરકારી રેકોર્ડમાંથી અદૃશ્ય હતાં. સૌથી પહેલાં અતિશય ગરીબ વ્યક્તિઓ અને પરિવારોને ઓળખવામાં આવ્યાં. એ માટે પંચાયતોની મદદ લેવામાં આવી. આશા કાર્યકરો, આંગણવાડી કાર્યકરો, કુદુમ્બશ્રી (મહિલા નેટવર્ક) કાર્યકર્તા જૂથોના સભ્યો અને રહેણાંક સંગઠનો જેવાં જમીની સ્તરે કામ કરતાં આશરે 14 લાખ લોકોના પ્રયત્નોથી ડેટા સંકલિત કરવાનું કામ થયું. ગ્રામ અને વોર્ડ સભામાં સખત ફિલ્ડ વેલિડેશન, સુપર ચેક અને અંતિમ પુષ્ટિ પછી, 64,006 પરિવારોના કુલ 1,03,099 વ્યક્તિઓને અતિશય ગરીબીમાં જીવતાં લોકો તરીકે ઓળખવામાં આવ્યાં. પ્રારંભિક તબક્કામાં, રાજ્યે દરેક ઓળખ કરાયેલા પરિવારને ખોરાક અને આરોગ્ય સંભાળ પૂરી પાડવાની પ્રાથમિકતા આપી. તેમને આરોગ્ય વીમો અને સામાજિક સુરક્ષા પેન્શનની પહોંચ સાથે આધારકાર્ડ, રેશનકાર્ડ, મતદાર ઓળખપત્ર અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે યુ.ડી.આઈ.ડી કાર્ડ જેવા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો આપવામાં આવ્યા. દરેક પરિવાર માટે કસ્ટમાઈઝ્ડ માઈક્રો-પ્લાન (સૂક્ષ્મ યોજના) બનાવાઈ - એટલે કે જેને જે જરૂર હતી એ સગવડ પૂરી પાડવા તેમને પંચાયતની પેટા યોજના સાથે સંકલિત કરવામાં આવ્યાં. આશરે ૩૯૦૦ ઘરવિહોણાં પરિવારોને સરકારી યોજના અંતર્ગત ઘર આપવામાં આવ્યાં, આરોગ્યની સમસ્યાવાળાં લોકોને સીધી તબીબી સુવિધા અપાઈ, જો બાળક શાળાએ ના જતું હોય તો એમનો શાળાપ્રવેશ કરાવાયો, બેરોજગાર લોકોને તાલીમ આપી આજીવિકાનાં સાધનો ઊભાં કરાયાં. તમામ સૂક્ષ્મ યોજનાઓ ડિજિટલ મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ પર અપલોડ કરવામાં આવી હતી જેથી દરેક સેવા યોગ્ય રીતે યોગ્ય વ્યક્તિ સુધી પહોંચી શકે એની પર નજર રાખી શકાય. સંબંધિત વિભાગો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા દરેક પરિવારની જરૂરિયાતો કેવી રીતે પૂરી કરવામાં આવે છે તેનું નિરીક્ષણ કરતી હતી.

આ આખી વાત પ્રભાવશાળી લાગતી હોય તો પણ જ્યાં રાજકીય દાવા હોય ત્યાં દૂરથી દેખાતી બધી વાત હરિયાળી નથી હોતી. વાયનાડ જિલ્લાના આદિવાસીઓ સુધી જરૂરી અન્ન, રહેઠાણ કે પ્રાથમિક તબીબી સવલતો પહોંચતી નથી એવી ટીકા ત્યાંના આદિવાસી નેતાઓ અને આશા કાર્યકરોએ કરી છે. આ ઉપરાંત એ પણ સમજવું જરૂરી છે કે ગરીબીની રેખા કોઈ જાદુઈ રેખા નથી. એની ઉપર ઊઠેલાં લોકોનાં જીવન કોઈ નાટ્યાત્મક રીતે બદલાઈ નથી જતાં. ખરી કસોટી તો તેમને ગરીબીની રેખા ઉપર ટકાવી રાખવામાં છે. એક માંદગી કે એક પૂરમાં તણાઈ જતાં ઘરને કારણે એક કુટુંબ ક્ષણભરમાં પાછું ગરીબી તરફ ધકેલાઈ શકે છે. આ પરિવારો ફરીથી અતિશય ગરીબીમાં ન જાય તે સુનિશ્ચિત કરવા માટે કલ્યાણ, આજીવિકાની યોજનાઓ અને સામાજિક સુરક્ષાની સતત દેખરેખની જરૂર પડશે. પણ, કેરાલા એના લક્ષ્યાંકની નજીક છે અને એના મોડેલે એટલું તો સાબિત કર્યું કે જો સરકારી તંત્ર યોજનાઓનું યોગ્ય સંકલન કરે અને યોજનાના અમલીકરણમાં લોકોને ભાગીદાર બનાવાય જેમ કુદુમ્બશ્રીની બહેનો જોડાઈ તો અઘરા લાગતા ઘણાં લક્ષ્યાંકો પાર પાડી શકાય છે. જરૂર હોય છે રાજકીય ઈચ્છાશક્તિની..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# લાચાર લોકતંત્રનાં લાચાર લોકોને નવા વર્ષની શુભકામનાઓ

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **કોઈ નેતાના રોડ શો થી ફિલ્મફેર જેવા વ્યાવસાયિક કાર્યક્રમ માટે આખા વિસ્તારો બંધ કરી દેવામાં આવે અને સ્થાનિક નેતાઓથી માંડીને આગેવાન લેખકો, વક્તાઓ એક વાક્ય સુધ્ધાં ના બોલે તે લાચારી નહિ તો બીજું શું?**

આજના સમયની લોકશાહીમાં લોકોને દર પાંચ વર્ષે એક વાર મોકો આપવામાં આવે છે કે હવેનાં પાંચ વર્ષ તેમણે કોની ગુલામી કરવાની છે તે નક્કી કરે  અને આ ઘટનાને “ચૂંટણી” કહેવામાં આવે છે. ગુજરાતની પ્રજાની કમનસીબી જુવો કે તે છેલ્લાં ત્રીસ વર્ષથી પક્ષ નથી બદલતી અને તે પક્ષ જ્યારે મનમાં આવે ત્યારે મુખ્યમંત્રીથી માંડીને આખું મંત્રીમંડળ બદલી નાખે છે. હમણાં ગુજરાતમાં ભારતીય જનતા પક્ષ દ્વારા પોતાના પક્ષ પ્રમુખની નિમણૂક થઈ. આપણાં છાપાં અને ચેનલો તેના કવરેજ અને ચર્ચામાં એવાં લાગ્યાં જાણે આ કોઈ મોટી ઐતિહાસિક અને પ્રજાજીવનમાં બદલાવ લાવનારી ઘટના હોય. અલ્યા ભાઈ, આ પાર્ટીનો આંતરિક મામલો છે. આની આટલી ચર્ચા શાને? થોડા સમયમાં પાર્ટીએ મંત્રીમંડળમાં ફેરફાર કર્યા અને પાછા બધા ચર્ચામાં લાગ્યા પણ કોઈ આ ચર્ચામાં એ ના બોલ્યું કે ભાઈ, પ્રજાને તો પૂછો. શું લોકો મંત્રીમંડળમાં ફેરફાર ઈચ્છતા હતા? લોકોએ કોઈ માટે અણગમો અને કોઈ માટે આગ્રહ કર્યો હતો? આ અચાનક બદલાવ શા માટે? ઉપર શરૂઆતમાં લખી તે મજાક એ આપણી વરવી વાસ્તવિકતા છે. ચૂંટણીમાં મત મળી ગયા પછી સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષ કોઈ પ્રજાને તો પૂછતું જ નથી. લાચાર લોકોએ માત્ર તમાશો જોવાનો અને લાચારી માત્ર આ સત્તાનાં સમીકરણમાં નથી, બધે જ છે. પ્રજાને  લાઈટ બીલમાં રાહત જોઈએ છે અને સરકાર જાહેર રસ્તાઓ ઉપર શણગારના નામે મહિનાઓ સુધી વીજળી બાળે છે. આપણે કહી નથી શકતા કે સાહેબ, આ મફતમાં વીજળી બાળવા કરતાં ગરીબોને સો યુનિટ મફત આપોને! થોડા મહિના પહેલાં એક જૂનો પુલ તૂટી પડ્યો અને સરકારે તાત્કાલિક બધા જ પુલની તપાસ કરાવી. મોટા ભાગના નબળા લાગ્યા. કેટલાકને તાત્કાલિક બંધ કરવા પડ્યા. આજે છ મહિના થઈ ગયા પણ ના તો આ પુલનું સમારકામ ચાલુ થયું છે. ના લોકોને આવવા-જવાના વૈકલ્પિક માર્ગ બન્યા છે.

ખરેખર, મોડી રાત સુધી ફટાકડા ફૂટ્યા કરે, આપણે લાચાર, જાહેર રસ્તા પર ફટાકડા ફૂટે, આપણે લાચાર, કાન ફાડી નાખતા ડી. જે. વાગે. આપણે લાચાર, એરપોર્ટમાં મુસાફરને લેવા મૂકવા જવામાં પંદર મિનીટ સુધી ચાર્જ લાગતો, તો હવે માત્ર આઠ જ મીનીટ પછી લાગે છે. આવું કેમ? કોઈ પૂછતું નથી કારણકે સૌ લાચાર છે. શહેરમાં પોલીસ મન ફાવે ત્યાં વન-વે જાહેર કરી દે, પ્રજા લાચાર! કોઈ નેતાના રોડ શો થી ફિલ્મફેર જેવા વ્યાવસાયિક કાર્યક્રમ માટે આખા વિસ્તારો બંધ કરી દેવામાં આવે અને સ્થાનિક નેતાઓથી માંડીને આગેવાન લેખકો, વક્તાઓ એક વાક્ય સુધ્ધાં ના બોલે તે લાચારી નહિ તો બીજું શું?

સ્કુલની ફીથી માંડીને દવાખાનાની ફી સુધી ક્યાંય સામાન્ય પ્રજાનો મત અને સ્થિતિ કોઈ પૂછતું જ નથી. મલ્ટીપ્લેક્ષમાં કોરો નાસ્તો પણ લઈ જઈ શકાતો નથી. આ તો આ વખતે દિવાળીમાં કોઈ મોટા સ્ટાર કે બેનરની ફિલ્મ ન હતી માટે પ્રેક્ષકોને અનેક ફિલ્મમાં પસંદગીના વિકલ્પ મળ્યા, બાકી દિવાળી હોય કે ઈદ બધા જ સિનેમા સ્ક્રીનમાં એક જ ફિલ્મ હોય, ફિલ્મ જોવી જ હોય તો આ જ જુવો નહીં તો ના જુવો! પ્રેક્ષકો લાચાર, એટલે મૂળ વાત અપૂર્વ હરીફાઈવાળાં બજાર અને રાજકારણમાં લોકશાહી એ તો માત્ર કહેવાની વાત છે. ક્યાંય સામાન્ય પ્રજાનો મત કોઈ પૂછતું નથી. અર્થશાસ્ત્રની રીતે આ પુરવઠા બાજુનું અર્થકારણ છે અને રાજનીતિમાં આદેશો મુજબ ચાલતું તંત્ર છે. બજાર જે  ઢગલો કરે છે તેમાંથી તમારે ખરીદવાનું છે અને સરકાર જે માથે મારે તે સહન કરવાનું છે અને ભારત જ નહીં અડધી દુનિયામાં લોકશાહી એ માત્ર એક આદર્શ વ્યવસ્થા છે, અવધારણા છે, જે પુસ્તકોમાં છે, પાંચ છ સમજદાર રાષ્ટ્ર સિવાય ક્યાંય લોકમતનું મહત્ત્વ નથી. ઈઝરાઈલ કે યુક્રેન કે રશિયા કે કોરિયાનાં પ્રજાજન શું ઈચ્છે છે તે રાષ્ટ્રપ્રમુખને  કાંઈ નથી પડી. હવે કહેવાતી સ્વતન્ત્રતાના હામી અમેરિકામાં પણ પ્રજા લાચારીનો  અનુભવ કરી રહી છે. ગુજરાતમાં તો કુદરત સામે પણ આપણે લાચાર છીએ કે શિયાળાની શરૂઆતમાં વરસાદે ખેડૂતોને પાયમાલ કરી દીધા છે. સૌરાષ્ટ્રના રસ્તાઓ ઉપર પાણી વહી રહ્યું છે. ખેડૂતોના આંસુઓ વહી રહ્યા છે કે આપણી લાચારી તે જ નક્કી કરવાનું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## અન્નદાતાઓની હાલત દયાજનક

કુદરતની સામે જગતનો અન્નદાતા એવો ખેડૂત લાચાર બની રહ્યો છે. બિચારા ખેડૂતોને મોંએ આવેલો કોળીયો છીનવાઈ રહ્યો છે. અણધાર્યા વરસાદને પરિણામે ખેડૂતોની મહેનત પર પાણી ફરી ગયું છે. ખેડૂતોના પાકને તો ભયંકર નુકસાન થયું છે જ સાથે સાથે દેવામાં ડૂબી રહેલો ખેડૂત વધારેને વધારે દેવાદાર બનતો જાય છે. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદના કારણે ખેડૂતોના માથે આભ ફાટ્યું છે. દિવાળી પછી પણ વરસાદી માહોલને પરિણામે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતો દ્વારા મહામહેનતે તૈયાર થયેલા ડાંગરના પાકને વ્યાપક નુકસાન થયું છે. ડાંગરના પાકની સાથે સાથે શાકભાજીનો પાક પણ બરબાદ થઈ ગયો છે. એટલું જ નહીં પશુઓ માટે ચારાની સમસ્યા પણ ઊભી થઈ છે. હવામાનની આગાહીને પરિણામે ખેડૂતો પર સતત ચિંતાના વાદળો છવાતા જતા હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ખેડૂતો દ્વારા મહેનત કરીને જે ફસલ તૈયાર કરવામાં આવી તે વરસાદના પાણી સાથે વહી ગઈ છે એમ કહીએ તો ખોટું નથી. આસો માસમાં અષાઢી માહોલને પરિણામે ખેડૂતો ચિંતાગ્રસ્ત બન્યા છે. વરસાદ અને વાવાઝોડાને પરિણામે બિચારો ખેડૂત બરબાદી તરફ ધકેલાઈ રહ્યો છે. તૈયાર પાક સંપૂર્ણપણે પલળી જતા ખેડૂતોમાં નિરાશામાં ગરકાવ થઈ ગયા છે. ગુજરાત સરકારશ્રી દ્વારા તાત્કાલિક ધોરણે નુકસાનનો સર્વે કરીને ખેડૂતોને વળતર આપીને એમનું નુકસાન ભરપાઈ થવું જોઈએ.

**નવસારી - ડૉ. જે.એમ. નાયક**

## પર્યાવરણની જાળવણી તરફ ધ્યાન આપો

ગ્લોબલ વોર્મિંગ હાલ ચરમશીમાએ છે. આપણે ત્યાં સપ્ટેમ્બર મહિના પછી ચોમાસુ વિદાય થતુ હોય છે, પરંતુ હવે બદલાયેલી પેટર્ન પ્રમાણે દિવાળી પછી પણ વરસાદ હજુ ચાલુ છે. ખેડૂતોનો ડાંગરનો પાક કે અન્ય પાકો આ વરસાદને કારણે બગડી ગયો છે. હમણાં જ હું ઓલપાડમાં આવેલા મંદિરોમાં દર્શન કરવા ગયો હતો. પ્રવાસ દરમિયાન જોયું કે ડાંગરનો તૈયાર થયેલો પાક ખેડૂતોએ ખેતરમાંથી કાઢી રસ્તા પર હાર બંધ ગોઠવ્યો હતો. તે જ દિવસે વરસાદનું આગમન થતાં તૈયાર પાક ધોવાઈ ગયો. માનવીની વધેલી જરૂરિયાત પૂરી કરવા માટે ક્રુડ ઓઈલ જે ભૂગર્ભમાંથી કાઢવામાં આવે છે, જંગલો કપાતા જાય છે, જંગલોનો નાશ થતો રહેશે તો પછી આવનારા સમયમાં માનવજાત માટે આ પૃથ્વી પર વસવાટ કરવો અતિ દુષ્કર બની જશે. આખી દુનિયાના દેશોએ સખત કાયદા બનાવી પર્યાવરણની પૂરતી જાળવણી તરફ ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે નહીં તો પછી માનવજાત વિનાશ તરફ જઈ રહી છે.

**સુરત - વિજય તુઈવાલા**

## બસો-ટ્રેનોની ઘટ કેમ પડે છે?

ભારતના દરેક પ્રદેશ દરેક રાજ્યમાંથી ત્યાંના રહેવાસીઓ સુરત રોજીરોટી માટે આવ્યા છે. ગામમાં લગ્ન હોય કે બીજા સામાજિક પ્રસંગ હોય વેકેશન હોય આ લોકો સુરત ગામ વચ્ચે આખા વરસમાં અનેક વખત અવરજવર કરતા હોય છે. દર વખતે આ લોકોની અવરજવર માટે બસો ટ્રેનો વધારવામાં આવે છે. હવે તો ખાનગી વાહનો પણ ખૂબ વધી ગયા છે. છતાં પણ લગ્નગાળા વખતે, દિવાળી છઠ વખતે આ લોકો માટે બસો-ટ્રેનો કેમ ખુટી પડે છે? સરકારી એસ.ટી. તંત્ર અને રેલવે તંત્રએ વધારાની બસો-ટ્રેનો મુકી હોવા છતાં દર વખતે કેમ ઓછી પડે છે? વધારે દુ:ખની વાત એ છે કે આ વખતે સેકંડો પેસેન્જરો ટ્રેનની રાહ જોવામાં આખી રાત હેરાન થાય છે. કિલોમીટર લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે. ધક્કામુકીમાં કેટલા બધા ઈજા પામતા હોય છે. મુસાફરી દરમ્યાન કેટલાક લટકીને તો કેટલાક બાથરૂમ આગળ કેટલાક છાપરા પર ચડીને મુસાફરી કરે છે. દર વખતે આવા દ્રશ્યો જોવા મળે છે, છતાં કઈ ફરક પડતો નથી. એસ.ટી. તંત્ર અને રેલવે તંત્ર આટલા બધા પેસેન્જરોનો અંદાજ બાંધવામાં ક્યાં થાપ ખાઈ ગયા? દર વખતે આમ કેમ થાય છે?

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

## ગાંધીવાદી ટોપી અને ખાદીધારીઓ ગાયબ

રસ્તે તોપચી જેવા ગપ્પીદાસો બહુ મળે, કિન્તુ, સફેદ રંગની ગાંધીવાદી ટોપી અને ખાદીધારીઓ ગાયબ થયા છે. કપાસમાંથી બનેલું હાથવણાટનું કાપડ એટલે ખાદી  અથવા ખદ્દર ભારત દેશમાં હાથ વડે કાંતીને અને હાથ વડે વણાટ કરીને બનાવવામાં આવેલા કાપડ (વસ્ત્ર)ને કહેવામાં આવે છે. ખાદી વસ્ત્ર સૂતરાઉ, રેશમ અથવા ઊન હોય શકે છે. ખાદી વસ્ત્ર માટે બનાવવામાં આવતું સૂતર હાથ વડે ચલાવવામાં આવતા ચરખાની સહાયતા વડે બનાવવામાં આવે છે. ખેર, ખાદીનો કુર્તો યાને ખાદી વસ્ત્રોની ખાસ વિશેષતા એ છે કે તે શરીરને ગરમીની ઋતુમાં ઠંડુ અને શિયાળાની ઋતુમાં ગરમ રાખે છે. ભારત દેશની સ્વતંત્રતાના આંદોલનના સમયમાં ખાદીનું ખૂબ જ મહત્ત્વ રહ્યું હતું. ગાંધીજીએ ઇ. સ. ૧૯૨૦ પછીના દશકમાં ગામડાંઓને આત્મનિર્ભર બનાવવાને માટે ખાદીના પ્રચાર-પ્રસાર પર ખૂબ જ જોર આપ્યું હતું. આજે પણ ભારત દેશનો રાષ્ટ્રધ્વજ માત્ર ખાદીના કાપડમાંથી જ બનાવવામાં આવે છે. અલબત, ગાંધી ટોપી ખાદીમાંથી બનાવવામાં આવે છે. સામાન્ય રીતે આ ટોપી ભારતીય સ્વતંત્રતા સેનાનીઓ દ્વારા પહેરવામાં આવતી હતી, સ્વતંત્ર ભારતમાં રાજકારણીઓ અને રાજકીય કાર્યકરો દ્વારા આ ટોપી પહેરવાની પ્રતીકાત્મક પરંપરા બની.

**ગોપીપુરા, સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## સરદાર પટેલ લોખંડી-મનોબળવાળા હતા.

૩૧ ઓક્ટોબર એટલે સ્વતંત્ર સંગ્રામના લડવૈયા, દેશના પૂર્વ ગૃહપ્રધાન સરદાર પટેલ તેમને દેશી રજવાડાનું વિલીનીકરણ કર્યું હતું. એમનું શરીર લોખંડી નહીં પરંતુ લોખંડી-મનોબળ ધરાવતા હતા. તેમના જીવનનો એક કિસ્સો યાદ આવે છે. સરદાર વલ્લભભાઇ પટેલ બેરિસ્ટર પણ હતા. એકવાર કોર્ટમાં કેસ લડતા હતા એવામાં તેમની પત્ની મણીબેનના નિધન થયાની ખબર પડી છતાં અડગ-હૃદય રાખીને કેસ લડતા રહ્યા એટલે તેઓ લોખંડી મનોબળવાળા કહેવાય છે. મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નેહરુ સાથે તેમણે ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે સ્વાતંત્ર સંગ્રામની લડત ઉપાડી હતી. સરદાર પટેલ મૂળ ખેડા જીલ્લાના કરમસદના વતની હતા, પરંતુ સુરત જીલ્લાના બારડોલીને કર્મ-ભૂમિ બનાવી હતી. આજે બારડોલીની લગભગ બધી સંસ્થાઓ સાથે સરદાર પટેલનું નામ જોડાયેલું છે. જેમ કે સરદાર સ્મારક હોસ્પિટલ, સરદાર પટેલ મ્યુઝીયમ, સરદાર બારડોલી સંઘ અને જેમ વડોદરા નગરને સંસ્કારી નગરી કહેવાય છે, તેમ બારડોલી સરદાર નગરી તરીકે જાણીતી છે. બારડોલીનો ‘સ્વરાજ આશ્રમ’ તેની ગવાહી રૂપે છે.  વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાં ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ને જોવા દેશ-વિદેશમાંથી પર્યટકો આવે છે. બારડોલીના સહકારી નેતા ભીખાભાઈ પટેલ, સરદારના સિધ્ધાંત મૂલ્યોથી રંગાયેલા હોવાથી ‘છોટે સરદારના’ હુલામણા નામથી જાણીતા છે. સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ પ્રસંગે કોટી-કોટી વંદન.

**તરસાડા, માંડવી - પ્રવીણસિંહ મહીડા**